જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૫/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૬૦૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૧૦૪ લીટર દેશી દારૂ, ૮૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧૮ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૦૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૬૪૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૬૦૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાતય કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૬૦૯/૨૦૨૬**

રાણીપઃ ગોપાલ માંગીલાલ માળી (ઉ.વ.૩૧) (રહે. સરસ્વતીનગર રાણીપ) એ તા.૩૦/૦૪/૨૦૨૬ ના રોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મોબાઈલ નંબર ૯૩૨૭૮૯૭૧૭૦ તથા ૭૦૬૯૮૩૮૮૯૬ ના ધારકે ઈન્ટાગ્રામ એપમાં sarthi_food_products નામની આઈ.ડી.બનાવી આઈસ્ક્રીમ તથા માવો ઓનલાઈન વેચાણ કરવાની જાહેરાત મુકતા ગોપાલ માળીએ તા.૨૮/૧૨/૨૦૨૫ કલાક ૧૨/૦૦ થી તા.૩૦/૦૪/૨૦૨૬ સાંજના ૦૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન આઈસ્ક્રીમ તથા માવો ખરીદ કરવા માટે સંપર્ક કરતા તેઓએ વિશ્વાસમાં લઈ આઈસ્ક્રીમ તથા માવો મોકલી આપવાનું જણાવી ગોપાલ માળી પાસેથી રૂપિયા ૩૬,૯૫૦/– તેઓના બેન્ક ખાતામાં મેળવી લઈ આઈસ્ક્રીમ કે માવો નહી મોકલી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.આર.રબારી ચલાવે છે.

નરોડાઃ માનકુંવર રણજીતસિંહ રાઠોડ (ઉ.વ.૨૨) (રહે. સમોર હાઈટ્સ, મુઠીયા ટોલ ટેક્સ પાસે નરોડા) એ તા.૩૦/૦૪/૨૦૨૬ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માનકુંવર રાઠોડ નાઓ નરોડા મારુતિ હાઈટ્સ દુકાન નં–૦૫ ખાતે “કે.જે.ફાસ્ટ ફુડ“ નામની દુકાન ધરાવી ધંધો કરતા હોય તા.૧૨/૦૨/૨૦૨૬ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાની દુકાન ખાતે એક અજાણ્યો પુરૂષ આવેલ અને પેટીએમ કંપની તરફથી આવતો હોવાની ઓળખ આપી હતી. ત્યારબાદ “પેટીએમ કંપની તરફથી લોન મળે છે તમારે લોન મેળવવી હોય તો પેટીએમ એપમાંથી લોન કરાવી આપુ” તેમ કહી માનકુંવર રાઠોડને વિશ્વાસ લઈ માનકુંવર રાઠોડનો ફોન લઈ ફોનમાં kissht એપ્લીકેશન’ ડાઉનલોડ કરી રૂપિયા ૧૫,૦૦૦/– લોન મંજુર કરાવી પ્રોસેસીંગ ચાર્જ બાદ કરી માનકુંવર રાઠોડના બેંક ખાતામા લોનની રકમ ૧૩,૭૬૧/– જમા કરાવ્યા હતા. ત્યારબાદ માનકુંવર રાઠોડના બેંક ખાતામાંથી રૂપિયા ૧૩,૭૬૧/– અન્ય બેંક ખાતામાં ઓનલાઈન ટ્રાન્સફર કરી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.એ.કોટરીયા ચલાવે છે.

વાડજ: જીગરભાઇ જસવંતભાઇ પંચાલ (ઉ.વ.૪૭) (રહે. અભીષેક એપાર્ટમેન્ટ ગણેશ વિદ્યાલય સામે નવા વાડજ) એ તા.૩૦/૦૪/૨૦૨૬ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૦૨/૨૦૨૬ બપોરના ૦૩/૩૦ વાગ્યાના સુમારે જીગરભાઈ પંચાલનો મોબાઇલ ફોન હેક કરી મોબાઇલ ફોન અપડેટ મેસેજ કરી જે મેસેજ દ્વારા જીગરભાઈ પંચાલના બે બેંક એકાઉન્ટમાંથી અલગ-અલગ રકમ મળી કુલ રૂપિયા ૪૯,૫૮૧/- ઓનલાઇન ડેબિટ કરાવી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.પી.ગરાસીયા ચલાવે છે.

ગાયકવાડ હવેલી: મોહમદઅયાઝ યુનુસભાઇ છીપા (ઉ.વ.૨૨) (રહે. સવેજીની ગલી નાડીયાવાડ ગોળલીમડા) એ તા.૩૦/૦૪/૨૦૨૬ ના રોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૩/૨૦૨૬ ના રોજ jio mart online shopping નામની એપ્લીકેશનમાંથી મળેલ મોબાઇલ ટોલ ફ્રી નંબર - ૧૮૦૦૮૯૦૧૨૨૨ ઉપર ફોન કરી રૂપિયા ૧,૦૦,૯૭૫/-ઓનલાઈન ચુકવી વિવો T4x મોબાઇલ ફોન નંગ-૦૭ ઓર્ડર બુક કરાવેલ હતો. જે મોબાઇલ ફોનની ડીલીવરીની તારીખ ૨૬/૦૩/૨૦૨૬ વીતી જવા છતા મોબાઇલ ફોનની ડીલીવરી નહી મળતા મોહમદઅયાઝ છીપાએ jio mart online shopping નામની એપ્લીકેશનમાં જઇ મોબાઇલનો ઓર્ડર રદ કરેલ અને મોબાઇલના રૂપિયા રીફંડ ની પોલીસી ૮ દિવસની હોવા છતા આજદિન સુધી મોબાઇલ રીફંડના રૂપિયા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.આર.ઝાલા ચલાવે છે.

અમરાઇવાડી: સચીન્દ્રકુમાર વિશ્રામભાઈ ગુપ્તા (ઉ.વ.૪૪)(રહે.સોસાયટીની ચાલી જનતાનગર અમરાઇવાડી) એ તા.૩૦/૦૪/૨૦૨૬ ના રોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે અમરાઇવાડી એપ્રેલ પાર્ક મેટ્રો સ્ટેશનની પાસે આઈ.ઓ.સી પેટ્રોલપંપની બાજુમાં શ્રધ્ધા ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ દુકાન નંબર-૦૫ ખાતે "એમ.એસ.એન્ટરપ્રાઇઝ" નામની પેઢી ધરાવી સચીન્દ્રકુમાર ગુપ્તા પોતાનો મની ટ્રાન્સફરનો ધંધો કરે છે. તા.૧૪/૧૧/૨૦૨૫ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી ડી.એમ.સી.પે.સોલ્યુસન પ્રાઇવેટ લિમીટેડના માલિક ધમેન્દ્ર માછી (દુકાન નંબર-૩૭ પહેલો માળ શ્રી સિધ્ધેશ્વર પ્લાઝા ન્યુ વી.આઇ.પી.રોડ સુપર બેકર્સ પાસે લા-પીનોઝ પિઝા સયાઝી પાર્ક વડોદરા)એ પોતાની કંપનીના પોર્ટલથી મની ટ્રાન્સફર કરશો તો વધુ કમિશન મળશે અને ઇન્સ્ટન્ટ પેમેન્ટ મળી જશે" તેમ કહી લાલચ આપી સચીન્દ્રકુમાર ગુપ્તાને વિશ્વાસમાં લઈ પોતાની કંપની ડી.એમ.સી.પે.સોલ્યુસન પ્રાઇવેટ લિમીટેડનુ પોર્ટલ લેવડાવી તેમજ કંપનીનુ કાર્ડ સ્વાઇપ કરવાનુ મશિન આપી રૂપિયા ૩,૨૧,૦૭૬/- નું ટ્રાન્ઝેકશન પોતાના પોર્ટલ ઉપર કરાવ્યા બાદ તે રૂપિયા સચીન્દ્રકુમાર ગુપ્તાના બેંક ખાતામાં જમા નહી કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.પી.ચૌધરી ચલાવે છે.

ઘરફોડ:- **સમાચાર ચાદી નં.૬૧૦/૨૦૨૬**

સેટેલાઇટ: ઉર્વેશ નરેશભાઇ શાહ (રહે. માણેકબાગ સોસાયટી, માણેકબાગ હોલ પાછળ સેટેલાઇટ) એ તા.૩૦/૦૪/૨૦૨૬ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૪/૨૦૨૬ થી તા.૨૯/૦૪/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન ઉર્વેશ શાહના રહેણાંક મકાનની બાજુમાં રહેતા ઉર્વેશ શાહના સબંધીના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી કબાટમાથી જુના ચાંદીના ઘરેણાં, ફોસીલ કંપનીની કાંડા ઘડીયાળ નંગ-૨ તેમજ રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૪૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.એસ.ચુડાસમા ચલાવે છે.

નારોલ: પુષ્પાબહેન વા/ઓ કાંતિભાઇ ચાવડા (રહે. ચામુંડા પાર્ક આશિર્વાદ સોસાયટીની બાજુમાં શાહવાડી નારોલ) એ તા.૩૦/૦૪/૨૦૨૬ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૪/૨૦૨૬ બપોરના ૪/૩૦ થી સાંજના ૫/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનનો દરવાજો ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના મળી કિમત રૂપિયા ૧,૮૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એન.સેરસીયા ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૬૧૧/૨૦૨૬**

સરખેજઃ મોહમદ શહેઝાદખાન ફકીરમોહમદ પઠાણ (ઉ.વ.૩૦)(રહે.ઈમરાન ફલેટ આમીનપાર્ક જુહાપુરા) એ તા.૩૦/૦૪/૨૦૨૬ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મકરબા હેડક્વાટર નાલંદા આઇકોન જેપટો કંપની ખાતે કામ કરતા કર્મચારી નોમાન હુસૈન મુજકુરહુસૈન શેખ (રહે. રોનક પાર્ક એપીએમસી માર્કેટ પાછળ વેજલપુર) તા.૨૧/૦૪/૨૦૨૬ સાંજના ૦૭/૩૦ થી તા.૨૬/૦૪/૨૦૨૬ રાતના ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન કંપનીના સ્ટોરમાંથી તિરૂપતી કપાસીયા તેલના ડબ્બા નંગ–૩૧ તથા ગુલાબ સિંગતેલના ડબ્બા નંગ–૦૮ તેમજ ખાંડની બોરી નંગ–૦૧ મળી કુલ કિમત રૂપિયા ૧,૦૩,૪૬૨/– ચોરી કરી લઇ ગયેલ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.બોડિયા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૬૧૨/૨૦૨૬**

નિકોલઃ અભિષેક ગજેન્દ્રભાઈ જૈન (ઉ.વ.૩૫) (રહે. સિધ્ધશિલા એપાર્ટમેન્ટ કાનબા હોસ્પિટલ પાસે નિકોલ) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૪/૨૦૨૬ સવારના ૦૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.આર.પટેલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી